# મહેસાણા શહેરના ધોરણ ૮ના વિદ્યાર્થીઓની વિજ્ઞાન વિષયની શૈક્ષણિક સિદ્ધિ પર ગૃહકાર્યની અસરનો અભ્યાસ

ડૉ. શાન્તાબેન એચ. પટેલ
રેવાબા સાર્વજનિક એજ્યુકેશન કોલેજ (એમ.એડ્.),મહેસાણા

## ૧.પ્રસ્તાવના

જ્યારે સાંજે પાંચ વાગ્યે શાળા છૂટવાનો ઘંટ વાગે છે. ત્યારે શાળાના તમામ વર્ગનાં તમામ બાળકો રાજી રાજી થઈ જાય છે. તેમનું મન અને તન નાચી ઊઠે છે. તેમનાં અંતરમાંથી અવ્યક્ત એવો એક શબ્દ નીકળે છે છૂટ્યા તેવી જ રીતે જો કોઈ શિક્ષકો કોઈ વર્ગમાં ગૃહકાર્ય ન આપ્યું હોય તો બધા જ વિદ્યાર્થીઓ ખુશખુશાલ થઈ જાય છે. આવું કેમ શું તેમને માટે શાળા કે ગૃહકાર્ય એ બંધન છે. નામ અને કામથી નહી પરંતુ વાસ્તવિક રીતે જોઈએ તો તે બંધન જ બની રહે છે. હકીકતમાં મોટાભાગના શિક્ષકો જાણ્યે-અજાણ્યે ગૃહકાર્ય આપવામાં અને તે તપાસવામાં ઘણો સમય ખર્ચે છે. જેટલો તેઓ શીખવવામાં કે વર્ગકાર્યમાં નથી. ખર્ચતા. પ્રત્યેક પાઠ કે તાસને અંતે ગૃહકાર્ય તો આપવું જ જોઈએ. તે આપ્યા પછી બીજે દિવસે તે તપાસવું જ જોઈએ. વળી જેઓ ગૃહકાર્ય વિના આવ્યા છે. તેમને શિક્ષા પણ કરવી જોઈએ. આવીને આથી પણ વિશેષ અને કડક માન્યતાઓ અને વ્યવહાર સૌ શિક્ષકો, આચાર્યો અને વાલીઓ ધરાવે છે. એટલું જ નહી, તેમની આ પ્રકારની ફિલસૂફીનું તેઓ ગૌરવ લે છે.

શાળા, શિક્ષક અને વાલીઓની આવી વિચારસરણી અને વ્યવહારને કારણે વર્ગોમાં ઘણીવાર હાસ્યાસ્પદ અને દયનીય સ્થિતિ ઊભી થતી હોય છે. વિદ્યાર્થીઓ જુઠું બોલતા, છેતરપિંડી ખેલતા તનમનથી અસ્વસ્થ બની જતાં, બીક કે ભીતિથી શાળા કે ઘરથી ભાગી જતાં શીખે છે. ગૃહકાર્યનાં ઉપરોક્ત માઠાં પરિણામો માટે જેટલા શિક્ષકો જવાબદાર છે. તેટલા જ તેમના મા-બાપ છે જ. કેમ કે તેમને પોતાના બાળકો શાળા સમય પહેલાં અને પછી ઘરમાં રમ્યા કરે છે. કે કોઈ બીજી અભ્યાસેત્તર પ્રવૃતિ કરે તે પસંદ નથી કે તે સહન કરી શકતાં નથી. જેમ શાળામાં શિક્ષકો બાળકોને વર્ગોમાં ગોંધી રાખે, તેમ ઘરમાં મા-બાપ તેમને ગૃહકાર્યના બોજ હેઠળ દબાવી રાખે છે.

ગૃહકાર્યનો હેતુ, પ્રકાર, પદ્ધતિ અને પરિણામ આ ચારેય મુદ્દાઓ એકબીજાના સંદર્ભમાં ઊંડાણથી સમજવાની અને તે અનુસાર વર્તવાની તાતી જરૂર સૌ નાનામોટા શિક્ષકો અને કેટલાક મા-બાપ માટે ઊભી થઈ છે. હકીકતમાં તો બાળકો હસતાં, રમતાં પ્રમેથી જે કોઈ અભ્યાસને લગતી પ્રવૃતિ તેમના ઘરે કરી શકે તેવું ગૃહકાર્ય હોવું જોઈએ. માત્ર લખી લાવવનું-સવાલના જવાબ, ગણિતના દાખલા વગેરે કહેવું તે ગૃહકાર્ય નથી. ગૃહકાર્યમાં વૈવિધ્ય હોય-વાંચવાનું, ગણવાનું, દોરવાનું, માહિતી એકઠી કરવાનું, કોઈ સંસ્થા કે આથી ગૃહકાર્ય અન્વયે વિદ્યાર્થીએ કરવાની પ્રવૃતિ વર્ગકાર્યને પૂરક અને પ્રેરક અને બને વળી તે કરતાં કરતાં વિદ્યાર્થીનો રસ અને ઉત્સાહ વધે તે આશયથી પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

## ૨.સંશોધન શીર્ષક

***મહેસાણા શહેરના ધોરણ-૮ના વિદ્યાર્થીઓની વિજ્ઞાન વિષયની શૈક્ષણિક સિદ્ધિ પર ગૃહકાર્યની અસરનો અભ્યાસ***

## ૩.ચાવીરૂપ શબ્દોની સમજ

વર્તમાન અભ્યાસમાં સંદર્ભમાં સંશોધન સમસ્યાના ચાવીરૂપ શબ્દોની સમજ આ મુજબ છે.

### *૩.૧ વિજ્ઞાન*

વિજ્ઞાન- સવિષેશજ્ઞાન, શાસ્ત્રીય જ્ઞાન, અનુભવજ્ઞાન
નૈસર્ગિક વર્તનના પદ્ધતિસરના અભ્યાસ દ્વારા પ્રાપ્ત કરેલ વર્ગીકૃત જ્ઞાન એ વિજ્ઞાન છે.
પ્રસ્તુત સંશોધનમાં વિજ્ઞાન તરીકે ધોરણ-૮ ના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકનો સમાવેશ થાય છે.

### *૩.૨ ગૃહકાર્ય*

**Home work :**
**Noun**
**1.Work, especially piecework dune at home**
**2.Lessons to be studied or school work to be done outside the classrrom.**
શાળામાં ચાલતા અભ્યાસમાંનો જે ભાગ વિદ્યાર્થીએ શાળાના સમય બહાર ઘેર તૈયાર કરવાનો હોય છે. ઘણીવાર દ્રઢીકરણ માટે ગૃહકાર્ય આપવામાં આવે છે.
પ્રસ્તુત અભ્યાસમાં ગૃહકાર્ય એટલે શાળામાંથી શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતું કાર્ય કે જે વર્ગબહાર કે શાળા બહાર પૂર્ણ કરવાનું હોય છે અને તેમાં વિવિધ પ્રવૃતિઓનો સમાવેશ થાય છે.

### *૩.૩ શૈક્ષણિક સિદ્ધિ*

શૈક્ષણિક - શિક્ષણને લગતું
સિદ્ધિ - પરિપૂર્ણ સફળ કે સાબિત થવું તે, ફળ પ્રાપ્તિ
શિક્ષણમાં પ્રાપ્ત કરેલ સફળતાની સાબિતી એટલે સિદ્ધિપણું.
પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક સિદ્ધિ તરીકે ઉત્તર કસોટીના ગુણ લેવામાં આવ્યા છે.

### *૩.૪ અભ્યાસ*

ભગવદ્ગોમંડલ (૧૯૮૬) મુજબ,
અભ્યાસ - અભિ (તરફ) + પાસ (જવું)
૧. અભ્યાસ કરવો.
૨. અનુભવ કરવો.
૩. ધ્યાનમાં લેવું.
૪. ભણવું

દેસાઈ અને શાહ (૨૦૦૦) મુજબ,
૧.કોઈ સમસ્યાના ઉકેલમાં લાગી જવું.
૨.કોઈ વિષયમાં સંશોધન કરવું કે સંશોધનનું ઊંડાણથી વિવેચન કરવું.

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ ૮ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર ગૃહકાર્યની શું અસર થાય છે. તેની તપાસને અભ્યાસ તરીકે લેવામાં આવ્યો છે.

## ૪.સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

૧. ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકના પસંદ કરેલા એકમો માટે ગૃહકાર્ય કાર્યક્રમની રચના કરવી.
૨ ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકના પસંદ કરેલા એકમો માટે ગૃહકાર્ય કાર્યક્રમની અજમાયશ કરવી.
૩. ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકના પસંદ કરેલા એકમો આધારિત ઉત્તર કસોટી તૈયાર કરવી.
૪. ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના ગૃહકાર્ય કાર્યક્રમની પ્રાયોગિક અને નિયંત્રિત જૂથ પરની શૈક્ષણિક સિદ્ધિની તુલના કરવી.
૫. ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાંથી પસંદ કરેલા એકમો માટેના ગૃહકાર્ય કાર્યક્રમ પર જાતિયતાની અસર તપાસવી.
૬. ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાંથી પસંદ કરેલા એકમો માટેના ગૃહકાર્ય કાર્યક્રમનું અવયવ પૃથક્કરણ કરવું.

## ૫. ઉત્કલ્પનાઓ

૧. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
૨. પ્રાયોગિક જૂથના કુમાર અને પ્રાયોગિક જૂથની કન્યાઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
૩. પ્રાયોગિક જૂથના કુમારો અને નિયંત્રિત જૂથના કુમારોના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
૪. પ્રાયોગિક જૂથના કન્યાઓ અને નિયંત્રિક જૂથની કન્યાઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.
૫. નિયંત્રિત જૂથના કુમારો અને નિયત્રિત જૂથની કન્યાઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

## ૬.સંશોધનમાં સમાવિષ્ટ ચલ

**સંશોધનમાં સમાવિષ્ટ ચલ**

| ક્રમ | ચલનો પ્રકાર | ચદલ | કક્ષા | કઈ કક્ષા |
|---|---|---|---|---|
| ૧ | સ્વતંત્ર ચલ | ગૃહકાર્ય કાર્યક્રમ | ૨ | પ્રયોગિક, નિયંત્રિત |
| ૨ | પરતંત્ર ચલ | શૈક્ષણિક સિદ્ધિ | - | -- |
| ૩ | પરિવર્તક ચલ | જાતિયતા | - | કુમારો, કન્યાઓ |
| ૪ | અંકુશિત ચલ | વિસ્તાર | - | મહેસાણા શહેર |
| ૫ | અંકુશિત ચલ | ધોરણ | - | ધોરણ-૮ |
| ૬ | અંકુશિત ચલ | વિષય | - | વિજ્ઞાન |
| ૭ | અંકુશિત ચલ | વિષયવસ્તુ | - | પ્રકરણ – ૨,૫,૮,૯,૧૦,૧૨ |
| ૮ | અંકુશિત ચલ | અધ્યયન સમય | - | ૭ તાસ |

## ૭.વ્યાપવિશ્વ અને નમૂનો

પ્રસ્તુત અભ્યાસમાં મહેસાણા શહેરની ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૧૯-૨૦૨૦માં અભ્યાસ કરતાં ધોરણ ૮ના વિદ્યાર્થીઓ સામાન્ય પ્રકારનું વ્યાપવિશ્વ બને છે.

પ્રસ્તુત સંશોધનમાં મહેસાણા શહેરની પ્રાથમિક શાળાઓમાંથી શ્રી સાર્વજનિક વિવિધલક્ષી વિદ્યાલય, પાંચલીમડી, મહેસાણા તથા સરસ્વતિ વિદ્યાલયને સહેતુક રીતે પસંદ કરી તેમાંથી ધોરણ ૮ના અનુક્રમે ૫૨ અને ૬૧ વિદ્યાર્થીઓને ઝૂમખા નિદર્શ પદ્ધતિથી પસંદ કરવામાં આવ્યા હતા. જેની માહિતી નીચેની સારણીમાં દર્શાવેલ છે.

**શાળાવાર કુમાર અને કન્યાઓની માહિતી**

| | *પ્રાયોગિક જૂથ* | *નિયંત્રિત જૂથ* | *કુલ* |
|---|---|---|---|
| | *શ્રી સાર્વજનિક વિવિધલક્ષી વિદ્યાલય, મહેસાણા* | *સરસ્વતિ વિદ્યાલય, મહેસાણા* | |
| કુમાર | ૩૨ | ૩૫ | ૬૭ |
| કન્યા | ૨૦ | ૨૬ | ૪૬ |
| કુલ | ૫૨ | ૬૧ | ૧૧૩ |

## ૮.સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન માટે સંશોધકે પ્રાયોગિક પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

## ૯.સંશોધનનું ઉપકરણ

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ઉપયોગમાં લીધેલ ઉપકરણો નીચે મુજબ છે.
૧.ઉત્તર કસોટી
ગૃહકાર્ય કાર્યક્રમ આધારિત ઉત્તર કસોટી
૨.ગૃહકાર્ય કાર્યક્રમ
ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પસંદિત એકમો આધારિત સ્વ-રચિત ગૃહકાર્ય કાર્યક્રમ.

## ૧૦.માહિતીનું એકત્રિકરણ

પ્રસ્તુત અભ્યાસમાં ગૃહકાર્યની પ્રાયોગિક પદ્ધતિ તેમજ ચીલાચાલુ પદ્ધતિની તુલના કરવા માટે સંશોધક દ્વારા ગૃહકાર્ય કાર્યક્રમ આધારિત ઉત્તરકસોટી દ્વારા શ્રી સાર્વજનિક વિવિધલક્ષી વિદ્યાલય તથા સરસ્વતિ વિદ્યાલય, મહેસાણાના વિદ્યાર્થીઓ પાસેથી માહિતી મેળવવામાં આવી હતી. જેનું મૂલ્યાંકન કરી ગુણપત્રક તૈયાર કરવામાં આવ્યું હતું. ઉપરાંત પ્રાયોગિક જૂથને પ્રાયોગિક પદ્ધતિથી ગૃહકાર્ય આપી તેનું ગુણાંકન કરવામાં આવ્યું હતું.

## ૧૧.માહિતીનું પૃથક્કરણ

પ્રસ્તુત સંશોધનમાં માહિતીનું આંકડાશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરી પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જેમાં સરાસરી, પ્રમાણ વિચલન, સરાસરી તફાવતની પ્રમાણ ભૂલ t-કસોટી તથા અવયવ પૃથક્કરણ દ્વારા માહિતીનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું.

## ૧૨.હેતુઓની ચકાસણી

પ્રસ્તુત સંશોધનમાં હેતુઓની ચકાસણી નીચે મુજબ કરવામાં આવી.

૧. ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકના પસંદ કરેલા એકમો માટે ગૃહકાર્ય કાર્યક્રમની રચના કરવી.
૧. સંશોધકે ઉપરોક્ત હેતુના સંદર્ભમાં ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રકરણ-૨,૫,૮,૯,૧૦ અને ૧૨ના એકમો આધારિત ગૃહકાર્ય કાર્યક્રમની રચના કરેલ છે.
૨. ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકના પસંદ કરેલા એકમો માટે ગૃહકાર્ય કાર્યક્રમની અજમાયશ કરવી.
૩. સંશોધક દ્વારા ઉપરોક્ત હેતુની ચકાસણી કરવા માટે પ્રાયોગિક જૂથના વિદ્યાર્થીઓને પ્રાયોગિક પદ્ધતિ અનુસાર ગૃહકાર્ય આપવામાં આવ્યું હતું.
૪. ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકના પસંદ કરેલા એકમો આધારિત ઉત્તર કસોટી તૈયાર કરવી.
૫. ઉપરોક્ત હેતુની ચકાસણી કરવા માટે સંશોધક દ્વારા ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પ્રકરણ -૨,૫,૮,૯,૧૦ અને ૧૨ના એકમો આધારિત ૨૫ ગુણની ઉત્તર કસોટીની રચના કરવામાં આવી હતી.
૬. ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના ગૃહકાર્ય કાર્યક્રમની પ્રાયોગિક અને નિયંત્રિત જૂથની શૈક્ષણિક સિદ્ધિની તુલના કરવી. આ હેતુની સિદ્ધિ માટે સંશોધન દ્વારા શૂન્ય ઉત્કલ્પનાની રચના કરવામાં આવી હતી.
૭. ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાંથી પસંદ કરેલા એકમો આધારિત ગૃહકાર્ય કાર્યક્રમ પર જાતિયતાની અસર તપાસવી.
૮. ઉપરોક્ત હેતુની ચકાસણી કરવા માટે સંશોધક દ્વારા શૂન્ય ઉત્કલ્પનાઓ ૨ થી ૪ રચવામાં આવી હતી.
૯. ધોરણ ૮ના વિજ્ઞાન વિષયના પાઠ્યપુસ્તકમાંથી પસંદ કરેલા એકમો માટે તૈયાર કરેલ ગૃહકાર્ય કાર્યક્રમનું અવયવ પૃથક્કરણ કરવું.

## ૧૩.ઉત્કલ્પનાઓની ચકાસણી

પ્રસ્તુત સંશોધનમાં ઉત્કલ્પનાઓ t-કસોટી દ્વારા ચકાસવામાં આવી હતી. જેનું મૂલ્ય અને સાર્થકતાની કક્ષા સારણીમાં રજૂ કરેલ છે.

**ઉત્કલ્પનાઓની ચકાસણી**

| ક્રમ | ઉત્કલ્પના | t-મૂલ્ય | સાર્થકતાની કક્ષા | સ્વીકાર – અસ્વીકાર |
|---|---|---|---|---|
| ૧. | પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથના વિદ્યાર્થીઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | ૨.૫૬ | ૦.૦૫ | અસ્વીકાર |
| ૨. | પ્રાયોગિક જૂથના કુમાર અને પ્રાયોગિક જૂથની કન્યાઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | ૦.૮૯ | NS | સ્વીકાર |
| ૩. | પ્રાયોગિક જૂથના કુમારો અને નિયંત્રિત જૂથના કુમારોના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | ૪.૭૨ | ૦.૦૧ | સ્વીકાર |
| ૪. | પ્રાયોગિક જૂથના કન્યાઓ અને નિયંત્રિક જૂથની કન્યાઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | ૦.૨૫ | NS | અસ્વીકાર |
| ૫. | નિયંત્રિત જૂથના કુમારો અને નિયત્રિત જૂથની કન્યાઓના ઉત્તર કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય. | ૫.૬૬ | ૦.૦૧ | સ્વીકાર |

## ૧૪.સંશોધનના તારણો

### ૧૪.૧ ગૃહકાર્ય કાર્યક્રમની અસરકારકતાના સંદર્ભમાં તારણ

પ્રસ્તુત અભ્યાસને અનુરૂપ રચેલી ઉત્કલ્પનાઓના અર્થઘટનો પરથી અભ્યાસના તારણો નીચે મુજબ છે.

૧. પ્રાયોગિક પદ્ધતિથી ગૃહકાર્ય કરતા વિદ્યાર્થીઓ ચીલાચાલુ પદ્ધતિથી ગૃહકાર્ય કરતા વિદ્યાર્થીઓ કરતાં વધુ શૈક્ષણિક સિદ્ધિ ધરાવે છે. આથી કહી શકાય કે પ્રાયોગિક પદ્ધતિ અસરકારક રહી છે.
૨. પ્રાયોગિક જૂથમાં જાતિયતાના સંદર્ભમાં પદ્ધતિની અસરકારકતા જોવા મળતી નથી. એટલે કે પ્રાયોગિક જૂથના કુમારો અને કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ સમાન જોવા મળે છે.
૩. પ્રાયોગિક પદ્ધતિની અસરકારકતા કુમારોના સંદર્ભમાં જોવા મળે છે. એટલે કે પ્રાયોગિક જૂથના કુમારો નિયંત્રિત જૂથના કુમારો કરતાં વધુ શૈક્ષણિક સિદ્ધિ ધરાવે છે.
૪. પ્રાયોગિક પદ્ધતિની અસરકારકતા કન્યાઓના સંદર્ભમાં જોવા મળતી નથી. એટલે કે પ્રાયોગિક જૂથની કન્યાઓ અને નિયંત્રિત જૂથની કન્યાઓની શૈક્ષણિક સિદ્ધિ સમાન જોવા મળે છે.
૫. નિયંત્રિત જૂથમાં જાતીયતાના સંદર્ભમાં પદ્ધતિની અસરકારકતા જોવા મળે છે. એટલે કે નિયંત્રિત જૂથની કન્યાઓ કુમારો કરતાં વધુ શૈક્ષણિક સિદ્ધિ ધરાવે છે.

### ૧૪.૨ અવયવ પૃથક્કરણના સંદર્ભમાં તારણ

**અવયવ પૃથક્કરણ પરથી ગૃહકાર્યના પ્રકારો**

| અવયવ | ગૃહકાર્યનો પ્રકાર | સામાન્ય તત્ત્વ |
|---|---|---|
| ૧ | પૂર્વ તૈયારીરૂપ ગૃહકાર્ય, મહાવરારૂપ ગૃહકાર્ય અને સમસ્યા ઉકેલ પ્રકારનું ગૃહકાર્ય | સ્વયં સજ્જતા |
| ૨ | સર્જનાત્મક પ્રકારનું ગૃહકાર્ય | સર્જન |
| ૩ | સર્જનાત્મક પ્રકારનું ગૃહકાર્ય, સંગઠિત પ્રકારનું ગૃહકાર્ય | સમૂહચિંતન |
| ૪ | લાંબાગાળાનું ગૃહકાર્ય, સંગઠિત પ્રકારનું ગૃહકાર્ય | નિરંતર સર્જન |

ગૃહકાર્ય કાર્યક્રમ જે કુલ છ વિભાગોમાં વહેંચાયેલો છે. અવયવ પૃથક્કરણ પરથી તેને મુખ્ય ચાર વિભાગમાં વહેંચી શકાય. જે ઉપરોક્ત સારણીમાં દર્શાવેલ છે. જેમાં પ્રથમ વિભાગમાં વિદ્યાર્થીઓને પૂર્વ તૈયારીરૂપ ગૃહકાર્ય, મહાવરારૂપ ગૃહકાર્ય, તેમજ સમસ્યા ઉકેલ પ્રકારનાં ગૃહકાર્યમાંથી તેનાં પ્રતિનિધિત્વરૂપ કોઈ એક પ્રકારનું ગૃહકાર્ય આપી શકાય. બીજા વિભાગમાં વિદ્યાર્થીઓને સર્જનાત્મક પ્રકારનું ગૃહકાર્ય આપી શકાય. ત્રીજા વિભાગમાં સર્જનાત્મક તેમજ સંગઠિત પ્રકારના ગૃહકાર્યમાંથી તેના પ્રતિનિધિત્વરૂપ કોઈ એક પ્રકારનું ગૃહકાર્ય આપી શકાય. તેમજ ચોથા વિભાગમાં વિદ્યાર્થીઓને લાંબાગાળાના તેમજ સંગઠિત પ્રકારના ગૃહકાર્યમાંથી તેના પ્રતિનિધિત્વરૂપ કોઈ એક પ્રકારનું ગૃહકાર્ય આપી શકાય.

## ૧૫.સંશોધનની ભલામણો

પ્રસ્તુત સંશોધનમાં તારણોને આધારે સંશોધક નીચેના જેવી ભલામણો કરવા પ્રેરાય છે.

### ૧૫.૧ શિક્ષકોને

૧.શિક્ષકે વિદ્યાર્થીઓને પ્રવૃતિલક્ષી ગૃહકાર્ય આપવું જોઈએ.
૨.શિક્ષકોએ સમગ્ર વિષયના બધા જ મુદ્દાઓ આધારિત ગૃહકાર્યનું યોગ્ય આયોજન કરવું જોઈએ.
૩.શાળામાં બધા જ વિષયોના ગૃહકાર્યનું યોગ્ય વાર્ષિક આયોજન કરવું જોઈએ.

### ૧૫.૨ વાલીઓને

૧.વાલીઓએ બાળકોના ગૃહકાર્યમાં જરૂરી માર્ગદર્શન તેમજ સહાય પૂરા પાડવા જોઈએ.

### ૧૫.૩ સરકારને

૧.સરકારે પાઠ્યપુસ્તકમાં પ્રવૃતિલક્ષી ગૃહકાર્યનો સમાવેશ કરવો જોઈએ.
૨.સરકારે આ વિષયમાં વધુ સંશોધન કાર્ય માટે સંશોધકોને વધુ પ્રોત્સાહન આપવું જોઈએ.

## ૧૬.ભાવિ સંશોધન અંગેની દિશાઓ

આ પ્રકારના અભ્યાસને વધુ ધનિષ્ઠ અને અસરકારક બનાવવા માટે નીચેના જેવા સંશોધનો ભાવિ સંશોધકો માટે આવકારરૂપ છે.

૧. ગૃહકાર્યની અસરકારકતા સિદ્ધિના સંદર્ભમાં માપી શકાય.
૨. પ્રસ્તુત ગૃહકાર્યના પ્રકારોની અસરકારકતા વિવિધ વિષયોના સંદર્ભમાં ચકાસી શકાય
૩. વધારે બૃહદસ્વરૂપમાં કાર્યક્રમની રચના કરી શકાય.
૪. ગૃહકાર્યની અસરકારકતા માટે લાંબાગાળાના સંશોધનો હાથ ધરી શકાય.
૫. ગૃહકાર્ય સંબંધિત અસરો વગેરે અંગે સર્વેક્ષણો હાથ ધરી શકાય.

પ્રસ્તુત પ્રકરણમાં પ્રયોજકે સંશોધનનો સારાંશ, તારણો, ભલામણો અને ભાવિ આનુષાંગિક સૂચનો દર્શાવવાનો ઉપક્રમ રાખેલ હતો. પ્રસ્તુત સંશોધનને તેના હેતુઓના સંદર્ભમાં વિસ્તૃત અને ઊંડાણથી માહિતી પ્રાપ્ત કરી શકાય તેવો પ્રયોજકે પ્રયત્ન કર્યો હતો. પ્રયોજક દ્વારા થયેલ પ્રસ્તુત સંશોધનનું કાર્યક્ષેત્ર અત્રે પૂર્ણ થાય છે. આ અભ્યાસ જ્યારે શિક્ષક અને વિદ્યાર્થીઓને ઉપયોગી થશે ત્યારે પ્રયોજક પરિતોષની લાગણી અનુભવશે. આ અભ્યર્થના સાથે શોધ સમગ્ર શિક્ષણ સમાજને અર્પણ..

## સંદર્ભસૂચિ

૧. Agrawal, J. C. (1966). Research in Education and Introduction. New Delhi: Acharya Book Depo.
૨. Fisher, R. A. (1950). Statistical Methods. Rajendra Workers Edendarah.
૩. Mouly, G. J. (1964). The Science of Educational Research. New Delhi: Fusesia Publishina House.
૪.દેસાઈ, એચ. જી. અને કે.જી. દેસાઈ (૧૯૭૯).સંશોધનની પદ્ધતિઓ અને પ્રવિધિઓ.અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય
૫.આચાર્ય, મોહિની (૨૦૦૯).શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. અમદાવાદ અક્ષર પબ્લિકેશન
૬.ઉચાટ, ડી. એ. (૨૦૦૪). માહિતી પર સંશોધન વ્યાવહારો રાજકોટ: શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય